
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**નોટબંધી વખતે નોટને ઠેકાણે પાડવા આટલી લાંબી લાઈનમાં એક વાર ઊભો હતો... જ્યારે આ નોટને ઠેકાણે પાડવા દર વર્ષે લાઈનમાં ઊભું રહેવું પડે છે.**

# જુનના અંતે ધો. ૯ થી ૧૨ના શિક્ષકો માટેની ટાટની પરીક્ષા લેવાશે

**વર્ષ ૨૦૧૪માં છેલ્લે ટાટની પરીક્ષા લેવાઈ હતી : કેન્દ્ર સરકારના નિયમ અનુસાર એક વર્ષમાં બે વાર આ પરીક્ષા યોજવી પડે : રાજ્યના હજારો બીએડ થયેલા યુવાનોની પરીક્ષા ન લેવાતા ઉંમરની જરૂરી લાયકાત ખતમ થઈ ગઈ છે**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની ઘોર બેદરકારીથી લાંબા સમયથી લટકી પડેલી ધોરણ-૯ થી ૧૨ના શિક્ષકો બનવા માટેની ટાટની પરીક્ષા જુન-૨૦૧૮ના અંતમાં લેવાશે. આ સમગ્ર સ્પર્ધાત્મક પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. છેલ્લે વર્ષ ૨૦૧૪માં ટાટની પરીક્ષા લેવામાં આવી હતી.

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તેમજ ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ના શિક્ષકોની મોટી ઘટ છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની પરીક્ષા પદ્ધતિની જવાબદારી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર સંભાળતુ હતુ પરંતુ માધ્યમિક શિક્ષણ બોર્ડની આળશુ નીતિ અને બેદરકારીને લીધે છેલ્લા ચાર વર્ષથી ટાટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના શિક્ષકો માટેની કોઈ પરીક્ષા જ લેવામાં આવી નથી. હકીકતમાં ભારત સરકારના નિયમ પ્રમાણે પરીક્ષા એક વર્ષમાં બે વાર લેવાવી જોઈએ પરંતુ છેલ્લા ચાર વર્ષમાં માત્ર બે જ વાર આ પરીક્ષા લેવામાં આવી છે. સરકારી શાળામાં શિક્ષક બનવા ઈચ્છુક લાયકાત ધરાવતા યુવાનો તંત્રની આ પરીક્ષા ન લેવાની નીતિ સામે નાસીપાસ થઈ ગયા છે. બીએડ થઈ ડીગ્રી લઈને લાંબા સમયથી લાખો યુવાનો રાહ જોઈ રહ્યા છે. જ્યારે હજારો બીએડની ડીગ્રી ધરાવતા યુવાનોની પરીક્ષા માટેની ઉંમર પણ ખતમ થઈ છે અને તેમનુ સરકારી શિક્ષક બનવાનું સ્વપ્નુ રોળાઈ ગયુ છે. બીજી તરફ છેલ્લા બે વર્ષથી સંવર્ગના શિક્ષકોની ભરતીમાં વિષયો તથા લાયકાત બાબતે કેટલીક કોર્ટમેટર પણ થઈ ગઈ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની આળસુ નીતિને લઈ ૨૦૧૭ ફેબ્રુઆરીમાં ટાટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ-૯ થી ૧૨ના શિક્ષકો માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવાની જવાબદારી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવી હતી. રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલી જવાબદારી બાદ કોઈપણ લાયક ઉમેદવાર પરીક્ષા કે ભરતીથી વંચિત ન રહે તે માટે વિનિયમોમાં સુધારાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આથી હવે આ જરૂરી ફેરફાર બાદ જુનના અંત સુધીમાં ટાટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ-૯ થી ૧૨ના શિક્ષકોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

# દારૂની હેરાફેરી કરતી કારે કોબા પાસે એક્ટિવાને અડફેટે લીધુ

**અકસ્માત બાદ સ્વીફ્ટ કાર રસ્તાની બાજુમાં મૂકીને ડ્રાઈવર ફરાર : પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા દારૂનો જથ્થો મળ્યો**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોબા પાસે ગઈ રાત્રે બેફામ જતી સ્વીફ્ટ કારે એક એકટીવા ચાલકને અડફેટે લઈ લીધો હતો. અકસ્માત બાદ એકટીવા ચાલકને ઘાયલ હાલતમાં મૂકી કારચાલકે પોતાની કાર સાઈડમાં મુકી બેઠી હતી અને ત્યાંથી ભેદી રીતે રફુચક્કર થઈ ગયો હતો. જિલ્લા પોલીસ કંટ્રોલરૂમમાં અકસ્માત અંગે જાણ થતાં ઈન્ફોસિટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સ્થળ પર જઈ સ્વીફ્ટ ગાડીમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂની ૩૪૨ બોટલ અને અમદાવાદ પાસીંગની સ્વીફ્ટ ગાડી જપ્ત કરી વિદેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર -ઈન્દિરા બ્રિજ રોડ પર ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં સ્વીફ્ટ ગાડી બેફામ ગતિએ જઈ રહી હતી. કોબા સર્કલ નજીક પાસે ગાડીના ચાલકે એક એક્ટિવાને અડફેટે લઈ લીધું હતું. જીજે૧એચ.એમ૩૦૯૨ નંબરની આ સ્વીફ્ટ ગાડીનો ચાલક ઈજાગ્રસ્ત એક્ટિવા ચાલકને પડતો મૂકી સ્વીફ્ટ રોડની સાઈડમાં કરી ત્યાંથી ભેદી રીતે ફરાર થઈ ગયો હતો. રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં આ અકસ્માત અંગે ગાંધીનગર જિલ્લા પોલીસ કંટ્રોલરૂમમાં જાણ થતાં સ્થાનિક પોલીસને દોડાવવામાં આવી હતી. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ મીનાબેન પટેલ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આ અકસ્માતગ્રસ્ત સ્વીફ્ટ ગાડીની તપાસ કરતા ગાડીમાંથી ૩૪૨ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. વોડકા અને વ્હિસ્કિની બોટલોનો જથ્થો તથા કાર મળી કુલ રૂ.૨.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે આ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# સિવિલમાં છેલ્લા અઠવાડીયામાં ઝાડા-ઉલ્ટીના ૨૮૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં જેમ જેમ ગરમીનો પારો વધતો જાય છે તેમ તેમ પાણીજન્ય રોગચાળો પણ બેકાબુ બનતો જાય છે. છેલ્લા કેટલાક દિવસથી ગરમીના પારાની સાથે રોગચાળાના પ્રમાણમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. પાણીજન્ય રોગચાળાને પગલે સિવિલની ઓપીડી સહિત ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમી રહ્યા છે. ત્યારે સિવિલમાં ગત્ અઠવાડીયામાં ઝાડા-ઉલ્ટીના-૨૮૦, કમળાના-૩ અને ટાઈફોઈડના-૯ કેસ નોંધાયા છે. જયારે મચ્છરજન્ય રોગચાળા મેલેરીયાના-૧૧ તથા ડેન્ગ્યુંના-૨ કેસ સામે આવ્યા છે. ત્યારે ગરમીના દિવસોમાં તંત્ર પણ પાણીજન્ય રોગચાળાને કાબુમાં કરવા મથામણ કરી રહ્યું છે.




શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા નાગરીકો ઠંડક મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. ગરમીના દિવસોમાં નાગરીકો વિવિધ ઠંડા પીણા, બિન આરોગ્યપ્રદ ખોરાક ખાવાથી નાગરીકો બિમારીનો ભોગ બની રહ્યા છે. જયારે શહેરના કેટલાક સેકટરમાં ગંદકી યુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદો પણ અવારનવાર ઉઠવા પામી છે. અંગ દઝાડતી ગરમીમાં શહેરમાં ઠેરઠેર લીંબુ પાણી, રસના કોલા સહિત આરોગ્યપ્રદ ખોરાકની લારીઓ ધમધમી રહી છે. ત્યારે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી નથી. જયારે બીજીબાજુ ઘ-૪ વિસ્તારમાં રાત્રીના સમયે ખડકાતી બરફના ગોળાની લારીઓમાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં બિન રોકટોક ઠંડા પીણા અને બિન આરોગ્યપ્રદ ખોરાકની હાટડીઓ ધમધમતી હોવા છતા તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવી નથી. ત્યારે શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો વધતો જતો હોવાથી શહેરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનામાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે તા.૨૮ મે થી તા.૩ જુન દરમિયાન સિવિલમાં ઝાડા-ઉલ્ટીના -૨૮૦, કમળાના-૩, અને ટાઈફોઈડના-૯ કેસ સામે આવ્યા છે. જયારે વાહકજન્ય રોગચાળામાં મેલેરીયાના-૧૧, તાવના-૭૯, ડેન્ગ્યુના-૨ તથા શરદી-ખાંસીના ૧૧૦ કેસ નોંધાયા છે.

## વેકેશનમાં ૧.૧૦ લાખથી વધુ સહેલાણીઓએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૫

ગરમીનો પારો દિન-પ્રતિદિન વધતો જાય છે ત્યારે નાગરિકો ઠંડક મેળવવાના ઉપાયો શોધવા લાગતા હોય છે. વેકેશનના સમયગાળા દરમિયાન નાગરિકો પ્રકૃતિના સાનિધ્યમાં રહેવાનું પસંદ કરે છે. ગાંધીનગર શહેરના હાર્દસમા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે એપ્રિલ-મે માસ દરમિયાન ગરમીથી ત્રસ્ત થઈ ચુકેલા નાગરીકોની ભારે જમાવટ જોવા મળી હતી. જેમ જેમ ઔદ્યોગિક અને આર્થિક વિકાસ હરણફાળ ભરી રહ્યો છે તેમ તેમ પ્રકૃતિનો વિકાસ રૂંધાતો જાય છે. સિમેન્ટ અને કોંક્રીટના જંગલોનું પ્રમાણ વધતાં વૃક્ષોનુ સરેઆમ નિકંદન નીકળી રહ્યું છે. ઉનાળાના આકરા તાપમાં ૧.૧૦ લાખથી વધુ લોકોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિની નિશ્રામાં સમય પસાર કર્યો હતો.

| માસ | મુલાકાતીઓની સંખ્યા |
|---|---|
| એપ્રિલ | ૫૨,૧૮૮ |
| મે | ૫૮,૩૭૭ |

ગાંધીનગર ખાતે આવેલા ઈન્દ્રોડામાં ગીર ફાઉન્ડેશન દ્વારા વર્ષો પહેલાં પ્રકૃતિ ઉદ્યાનનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. ઉદ્યાનમાં વિવિધ પ્રકારના પક્ષીઓ, પ્રાણીઓ, સરીસૃપો સહિત અન્ય વન્યજીવો ઉછેરવામાં આવી રહ્યા છે. દર વર્ષે લાખો પ્રકૃતિપ્રેમીઓ ગાંધીનગર, અમદાવાદ તથા આસપાસના વિસ્તારોમાંથી ઉદ્યાનની મુલાકાતે આવતા રહે છે. નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યેની સભાનતા છેલ્લા થોડા વર્ષોથી વધી છે. ત્યારે પ્રકૃતિઉદ્યાનમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે ૧.૧૦ લાખથી વધુ નાગરિકોએ વેકેશનના સમયગાળા દરમ્યાન પ્રકૃતિના સાનિધ્યમાં સમય પસાર કર્યો હતો. આવી રીતે બળબળતી બપોરે પણ ઠંડકનો અનુભવ કર્યો હતો.

વિશ્વ પર્યાવરણ દિને પણ આશરે ૧૨૦૦થી વધુ મુલાકાતીઓએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં કુદરતના ખોળે ક્ષણો વ્યતીત કરી હતી. પર્યાવરણ પ્રત્યે નાગરિકોની સભાનતા વધે તે હવેના સમયમાં ખૂબજ જરૂરી બની ગયુ છે. વૃક્ષારોપણ તેમજ વૃક્ષોનું નિકંદન અટકાવીને પર્યાવરણમાં સમતુલા જાળવી શકાય છે. એક સમયે ગ્રીનસીટી તરીકે પ્રખ્યાત એવુ પાટનગર અત્યારે ક્યાંય પાછળ ધકેલાઈ ગયુ છે. શહેરને ફરીથી હરિયાળુ બનાવવા માટે આપણે જ પ્રયત્નો કરવા પડશે. અને ત્યારે જ આવનારી પેઢીઓ પ્રકૃતિ સાથે સમન્વય સાધી શકશે.

# સેક્ટર-૧૭ નવિન સરકારી આવાસ બનાવવા તંત્ર સમક્ષ વેપારીઓની માંગ

**હાલ સરકારી આવાસો ખાલીખમ રહેતા ધંધા-રોજગાર પડી ભાંગ્યા છે**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ શોંપીગ સેન્ટરમાં આવેલ દુકાનધારકોના વેપાર ધંધા પડી ભાગ્યા છે. વેપાર-ધંધા ન હોવાથી ૧૭ વેપારી મંડળ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

ગાંધીનગર શહેર સેકટર-૧૭ વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલના જણાવ્યા મુજબ સેકટર-૭, અને ૨૯ માં નવી ઈમારતો સરકારી બનાવી છે તેવી સેકટર-૧૭માં ઉભી કરવામાં આવે. જેથી આવેલા છે. ત્યારે વેપારીઓની માંગણી છે કે પાર્કીંગની જગ્યાએ સે-૭, અને ૨૯ માં નવી ઈમારતો સરકારી બનાવી છે તેવી સેકટર-૧૭માં ઉભી કરવામાં આવે. જેથી



વેપારીઓની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે શહેરમાં આવેલ સેકટરોની સંખ્યામાં સેકટર-૧૭ માં પા ભાગમાં જ સરકારી આવાસ છે, તેમાં પણ ૩૦ ટકા સરકારી આવાસ ખાલીખમ રહેલા છે. તેવી પરિસ્થિતિમાં સરકારી તંત્ર દ્વારા સેકટર-૧૭ના સરકારી આવાસો તોડી પાડીને પાર્કીંગ બનાવવાની હિલચાલ ચાલી રહી છે. ત્યારે પાર્કીંગ બનાવવાની જગ્યાએ નવા સરકારી આવાસો ઉભા કરવા સે-૧૭ માં પાર્કીંગ બનાવવામાં આવે તો વેપારીઓના વેપાર-રોજગાર પડી ભાગી જઈ શકે છે. પાર્કીંગ તૈયાર કરવામાં આવે તો હેલીપેડ પર જ્યારે મોટા કાર્યક્રમ હોય ત્યારે ગ્રાહકોની ભીડ જામે બાકીના દિવસ વેપારીઓને સમય પસાર કરવો પણ અઘરો સાબિત થઈ શકે છે. જયારે હાલની સ્થિતિ પણ સેકટરમાં સરકારી મકાનો છે તેમાં પણ ૩૦ ટકા જેટલા ખાલીખમ છે. અન્ય સેકટર કરતા સે-૧૭માં પા ભાગના જ સરકારી આવાસો સરકારી આવાસોમાં વસાહતીઓ આવે તો ધંધા-રોજગાર પણ મળી રહે અને તંત્રને પાર્કીંગની જગ્યા પણ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. સે-૧૭ જુનુ અને જાણીતુ હોવા છતા સરકારી આવાસોમાં કોઈ રહેતું ન હોવાથી વેપારીઓના વેપાર-રોજગાર પડી ભાંગ્યા છે. ત્યારે સે-૧૭ વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલે તાત્કાલીક અસરથી સે-૧૭માં સરકારી આવાસ ઉભા કરવા તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ગુરૂવારે બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની જુન ૨૦૧૮ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૭-૬-૨૦૧૮ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે મળશે. જેમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવશે તો સંસ્થાના તમામ પદાધિકારી અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

## સરકારી આયુર્વેદ સચિવાલય દવાખાના ખાતે ખાસ ડાયાબિટીસ તથા રસાયણ ચિકિત્સાની સારવારનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નવા સચિવાલય બ્લોક નંબર – ૧ના પ્રથમ માળે કાર્યરત સરકારી આર્યુવેદ દવાખાનામાં ડાયાબિટીસ તથા રસાયણ ચિકિત્સાની સારવારનાં દર્દીઓને ફળદાયી પરિણામો પ્રાપ્ત થયાં છે. ગત વર્ષમાં ૨૫૦થી વધુ ડાયાબિટીસના દર્દીઓને આર્યુવેદીક દવાનો સારો લાભ થતા રાજયનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દર માસનાં પહેલા અને ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦થી ૧.૩૦ દરમ્યાન ડાયાબિટીસ અને રસાયણ ચિકિત્સાની ખાસ ઓ.પી.ડી.નું આયોજન કરેલ છે. આ ખાસ કેમ્પમાં નિયામકશ્રી ડો. દિનેશચંદ્ર પંડયા અને ડો. રાકેશ ભટ્ટ દર્દીઓને વિના મૂલ્યે આર્યુવેદ સેવાઓ પૂરી પાડશે.

# જિલ્લાની શાળાઓમાં ૧૧મી જુને પર્યાવરણ સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો

**શાળાઓમાં સફાઇ, વૃક્ષારોપણ તેમજ પ્લાસ્ટીક ઝુંબશ સહીતના વિવિધ કાર્યક્રમો યોજાશે : ૧૪ અને ૧૫ જુનના રોજ શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશોત્સવ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં આગામી દિવસોમાં પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જયારે નગરની તેમજ જિલ્લાની શાળાઓમાં પણ પર્યાવરણલક્ષી જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. શાળાઓમાં સફાઈ, વૃક્ષારોપણ , પ્લાસ્ટીક નાબુદી ઝુંબેશ સહીતના કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે. આજે પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે શહેરમાં રેલી વૃક્ષારોપણ અને સફાઈ સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જયારે આગામી દિવસોમાં પર્યાવરણ જાગૃતિની સાથે આગામી તા ૧૪ અને ૧૫ જુન દરમિયાન ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં તેમજ ૨૨ અને ૨૩ જુનના રોજ શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી કરાશે.

ગાંધીનગર જિલ્લામાં પર્યાવરણ સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે. જયારે પર્યાવરણ સપ્તાહ અન્વયે શાળાઓના વિદ્યાર્થીઓને પણ જોડવામાં આવશે. આગામી સપ્તાહથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે જ પર્યાવરણ સપ્તાહની ઉજવણી નિમિત્તે શાળાઓમાં નવતર કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં નગર તેમજ જિલ્લાની શાળાઓમાં શાળા સફાઈ, વૃક્ષારોપણ તેમજ પ્લાસ્ટીક નાબુદી ઝુંબેશ અન્વયે પણ કાર્યક્રમ યોજવામાં આવશે. શાળાના પ્રારંભે જ સમાજ ઉપયોગી સંદેશા સાથે પર્યાવરણ બચાવોના અભિગમ સાથે શાળાના વિદ્યાર્થીઓને સફાઈ કામગીરી તેમજ વૃક્ષારોપણ સહીતના કાર્યક્રમમાં જોડવામાં આવશે. જિલ્લાની દરેક શાળામાં પર્યાવરણ સપ્તાહ અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાશે. તા ૫ થી ૧૧ જુન દરમિયાન આ અન્વયે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત પ્લાસ્ટીક નાબુદી માટે પણ શાળાઓના માધ્યમ થકી સમાજને મેસેજ પાઠવવામાં આવશે. વિદ્યાર્થીઓના માધ્યમથી સ્વચ્છતા સંદર્ભે પણ ઝુંબેશ હાથ ધરાશે. જિલ્લાની વિવિધ શાળાઓમાં તા ૧૪થી પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તા ૧૪ અને ૧૫ જુનના રોજ પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત તા ૨૨ અને ૨૩ જુનના રોજ શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. પ્રવેશોત્સવ અન્વયે ધો-૧ અને ધો-૮ માં વિદ્યાર્થીઓનો પ્રવેશ આપવામાં આવશે.

## એશિયન જમ્પરોપ સ્પર્ધામાં ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી

નેપાળ જમ્પરોપ એસોસીએશનના ઉપક્રમે નેપાળના કાઠમાંડુ મુકામે યોજાયેલી પાંચમી એશિયન જમ્પરોપ સ્પર્ધામાં શહેરની વિદ્યાર્થીનીઓ ઝળકી હતી. સમગ્ર સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ કુલ ૮ મેડલ જીત્યા હતા.



૨૮મી મે થી ૨જી જૂન દરમિયાન યોજાયેલી સ્પર્ધામાં જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ અનુક્રમે ચૌધરી ઉર્મિલા, ચૌધરી રીના, ચૌધરી હેતલ, ચૌધરી રીન્કુ તથા ચૌધરી હીનાએ કુલ ૮ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. સર્વે ખેલાડીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આર.એન. લલિત કલા એકેડેમીના સમરકેમ્પ ૨૦૧૮નું સમાપન

ગાંધીનગર, તા.૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમી દ્વારા દર વર્ષની




જેમ આ વર્ષે પણ સમરકેમ્પ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સાંસ્કૃતિક રંગારંગ પરફોર્મન્સ કાર્યક્રમ આજે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સંસ્થાના બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાનોમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ તથા આર.એન. લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયાએ ઉપસ્થિત રહી મુખ્ય મહેમાન દ્વારા દીપ પ્રાગટય કરી સમર કેમ્પમાં ભાગ લેનાર તાલીમાર્થીઓ તથા શ્રેષ્ઠ દેખાવકારોને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દિનાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ સમર કેમ્પ દરમિયાન તાલીમાર્થીના કલાગુરુઓમાં શા.ગાયન વાદન સૌરભભાઈ પટેલ અને ઉષા પ્રજાપતિ, શા. કથક રોશની બ્રહ્મભટ્ટ, શા. ભરતનાટયમ શંકુતલાબેન ઓઝા, વેસ્ટર્ન ડાન્સ આશિષ વસાવા, કરાટેમાં સેન્સાઈ આર. સેલ્વાકુમાર, સ્કેટીંગ વસીમ મન્સુરી, ઈંગ્લીશ સ્કીટ અનિતા વસીતા તથા યોગામાં જીજ્ઞા છાયા દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સમરકેમ્પમાં કેજીથી પીજી સુધીના મળીને ૧૦૦ જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા.

આ રંગારંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો તથા વાલીઓ તથા આમંત્રીતોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ અનિતા વસીતાએ કર્યું હતું.

# બીબીએ કોલેજમાં પર્યાવરણ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના વિદ્યાર્થીઓ તેમજ વનશ્રી ટ્રસ્ટ કાર્યકર્તાઓ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ તેમજ જી. રમણમૂર્તિ, મુખ્ય વનસંરક્ષકશ્રી વનવર્તુળ ગાંધીનગર વનવિભાગના મુખ્ય વન સંરક્ષક અતુલભાઈ અમીન વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવતની ઉપસ્થિતિમાં ‘આવો પ્લાસ્ટિક પ્રદુષણ ને હંફાવીએ’ સૂત્ર પર કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થીઓ તેમજ વનશ્રીના કાર્યકર્તાઓએ ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં ફરી પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો હતો. તેમજ નાગરિકોને પ્લાસ્ટિક કચરાને ઉપાડી લેવા જાગૃત કર્યા હતા. વિદ્યાર્થીઓએ વિશ્વના કથળેલા પર્યાવરણ તેમજ ઓઝોન લેયરમાં પડી રહેલા ગાબડા વિષે અને તેનાથી પર્યાવરણમાં થઈ રહેલા જોખમો બાબતે લોકોને માર્ગદર્શિત કર્યા હતા. જી. રમણમૂર્તિ એ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જળપ્રદુષણ તેમજ વાયુ પ્રદુષણ પ્લાસ્ટિકના દુરૂપયોગના કારણે વધી રહ્યું છે.

આથી પ્લાસ્ટિકના ઉપયોગ દુનિયાના અનેક દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જે મુજબ આપણે પણ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી પ્રદુષણ અટકાવવા યથા યોગ્ય પ્રયત્ન કરવા જોઈએ. શાળા-કોલેજમાં તેમજ જાહેરસ્થળ પર લોકોને જાગૃત કરવા અભિયાન ચલાવવું જોઈએ. ત્યારબાદ ડીએફઓ અતુલ અમીને ઘટતા જતા વનવિસ્તાર બાબતે ચિંતા વ્યક્ત કરી હતી તેમજ વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ માટે પ્રેરિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો.માર્ગી દેસાઈ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.


## જાહેર નિવિદા

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સરદાર ભવન, બ્લોક નં. ૧૪/૯ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે સ્ટાન્ડર્ડ કંપનીના કુલ ૧૯-નંગ એર-કુલરો જુન-૨૦૧૮ થી જુલાઈ-૨૦૧૮ સુધી બે માસ માટે ભાડા કરારથી રાખવાના છે. એરકુલરોનું ભાડુ માસિક ચૂકવવામાં આવશે. આથી ગાંધીનગર ખાતેની આ કામગીરી કરતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં ભાવપત્રકો આ વિભાગની હ-શાખા, બ્લોક નં.૧૪ના ૯મા માળે તા. ૧૩/૬/૨૦૧૮ના રોજ સાંજના ૬.૧૦ સુધીમાં રૂબરૂમાં આપી જવા જણાવવામાં આવે છે. આ બે માસ દરમિયાન એરકુલરોમાં પાણી ભરવા માટેની વ્યવસ્થા વિભાગ તરફથી કરવામાં આવશે. જ્યારે એરકુલરોનું મેઈન્ટેનન્સ સંસ્થાએ ભોગવવાનું રહેશે.

સહી/-
(આર. એ. પ્રજાપતિ)
સેક્શન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

માહિતી/૬૨૩/૧૮-૧૯